RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 349 * Date: 10.10.2026,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

અમદાવાદમાં નવરાત્રિ-દશેરાને લઈ પોલીસનું જાહેરનામું: ૧૧થી ૨૧ ઓક્ટોબર સુધી શહેરમાં ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ



અમદાવાદમાં ૧૧ થી ૨૧ ઓક્ટોબર દરમિયાન નવરાત્રિ અને દશેરા પર્વને લઈ ટ્રાફિક વ્યવસ્થા જાળવવા પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડ્યું છે. આ સમયગાળામાં રોજ સવારે ૮થી રાત્રે ૨ વાગ્યા સુધી શહેરમાં ભારે અને ૩૩થી વધુ પેસેન્જર ક્ષમતાવાળા વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. નિયમભંગ કરનાર સામે કાર્યવાહી થશે.અમદાવાદ શહેરમાં આગામી ૧૧ ઓક્ટોબરથી ૨૦ ઓક્ટોબર સુધી યોજાનાર નવરાત્રિ મહોત્સવ અને દશેરા પર્વ દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા જાળવી રાખવા તેમજ માર્ગ અકસ્માતો નિવારવા માટે પોલીસ કમિશનરે ભારે વાહનોના પ્રવેશ પર નિયંત્રણ લાદતું જાહેરનામું બહાર પાડ્યું છે. આ જાહેરનામા મુજબ ૧૧/૧૦/૨૦૨૬થી ૨૧/૧૦/૨૦૨૬ સુધી રોજેરોજ સવારે ૮ વાગ્યાથી મોડી રાત્રે ૨ વાગ્યા સુધી શહેરમાં ભારે અને નિર્ધારિત ક્ષમતાથી વધુ પેસેન્જર વાહનોના પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.સિટી ગાઈડ જુઓ

અગાઉના જાહેરનામા અનુસાર ૭૫૦૦ કિ.ગ્રા.થી વધુ વજન ધરાવતા ગુડ્ઝ વાહનો, પેસેન્જર વાહનો અને ટ્રેક્ટર-ટ્રોલી પર સવારે ૮થી રાત્રે ૧૧ વાગ્યા સુધી પ્રતિબંધ હતો, તેમજ ૩૩થી વધુ પેસેન્જર ક્ષમતા ધરાવતી બસો પર સવારે ૮થી રાત્રે ૧૦ વાગ્યા સુધી પ્રતિબંધ હતો. જો કે, નવરાત્રિ અને દશેરાના તહેવારોને ધ્યાને રાખી આ પ્રતિબંધનો સમય લંબાવીને રોજેરોજ સવારે ૮થી રાત્રે ૨ વાગ્યા સુધી કરવામાં આવ્યો છે.જાહેરનામાનો અમલ ૨૧/૧૦/૨૦૨૬ના રોજ રાત્રે ૦૨ વાગ્યા સુધી રહેશે. ત્યારબાદ અગાઉના નિયમિત જાહેરનામાઓ આપોઆપ અમલમાં આવી જશે. પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ફરજ બજાવતા જોઈન્ટ/એડિશનલ સીપીથી લઈને પોલીસ કોન્સ્ટેબલ સુધીના તમામ કર્મચારીઓને જાહેરનામાનો ભંગ કરનારા ચાલકો વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવશે.

પ્રવેશ માટે છૂટ: ૭૫૦૦ કિ.ગ્રા. સુધીનું કુલ વજન(જીવ્ઘ) ધરાવતા લાઈટ મોટર વ્હીકલ જેવાં કે તમામ લાઈટ ગુડ્ઝ વ્હીકલ(ન્જ્ફ) અને લાઈટ પેસેન્જર વ્હીકલ(ન્ઁફ) પ્રવેશ કરી શકશે. આ ઉપરાંત સ્લીપર સુવિધા સિવાયની ૩૩ મુસાફરો સુધીની બેઠક ક્ષમતા ધરાવતી મિની બસો/પેસેન્જર વાહનો પ્રવેશ કરી શકશે.

પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ: ૭૫૦૦ કિ.ગ્રા.થી વધુ વજન ધરાવતા તમામ ગુડ્ઝ વાહનો, ટ્રેક્ટર-ટ્રોલી તેમજ ૩૩થી વધુ બેઠક ક્ષમતાવાળા તમામ પેસેન્જર વાહનો/લક્ઝરી બસો પર સવારે ૮થી રાત્રે ૨ વાગ્યા સુધી પ્રવેશબંધી રહેશે.

દિવાળી પહેલાં સુરતને મળશે વધુ એક બ્રિજની ભેટ : યોગીચોક-પુણા-મોટા વરાછા વચ્ચે કનેક્ટિવિટી બનશે સરળ

સુરતમાં દિવાળી પહેલાં વધુ એક બ્રિજ વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકાશે. કલાકુંજ મંદિરની ખાડી પર નિર્માણાધીન આ બ્રિજનું કામ સમયસર પૂરું કરવા રાજ્ય આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ અધિકારીઓને સૂચના આપી છે. આ બ્રિજ ડૉ. કનુભાઈ માવાણી બ્રિજ સાથે જોડાશે, જેથી યોગીચોક-પુણાથી મોટા વરાછા તરફ અવરજવર સરળ બનશે અને લક્ષ્મણ નગર-મહાવીર ચોક રોડ પર ટ્રાફિક ઘટશે. સુરતમાં દિવાળી પહેલાં વધુ એક બ્રિજ વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવાની તૈયારી ચાલી રહી છે. કલાકુંજ મંદિરની ખાડી પર નિર્માણાધીન બ્રિજનું કામ સમય મર્યાદામાં પૂર્ણ કરવા આરોગ્ય રાજ્ય મંત્રીએ અધિકારીઓને સૂચના આપી છે. ડૉ.કનુભાઈ માવાણી બ્રિજ સાથે આ બ્રિજનું જોડાણ થતાં યોગીચોક અને પુણાથી મોટા વરાછા તરફ અવરજવર વધુ સરળ બનશે. સાથે જ લક્ષ્મણ નગર અને મહાવીર ચોક રોડ પર ટ્રાફિકનું ભારણ ઘટાડવામાં મદદ મળશે.

સુરત શહેરમાં માર્ગ પરિવહનને વધુ સુગમ બનાવવા માટે માળખાગત સુવિધાઓના વિકાસ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. આ દિશામાં કલાકુંજ મંદિરની ખાડી પર નિર્માણાધીન બ્રિજનું કામ દિવાળી પહેલાં પૂર્ણ કરી તેને નાગરિકો માટે ખુલ્લો મૂકવાનું આયોજન કરવામાં આવ્યું છે. આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ સંબંધિત અધિકારીઓ સાથે સ્થળ પર જઈ બ્રિજની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું અને બાકી રહેલું કામ ઝડપથી પૂર્ણ કરવા સૂચનાઓ આપી હતી. આ બ્રિજ ડૉ. કનુભાઈ માવાણી બ્રિજ સાથે જોડાશે. આ જોડાણથી કનેક્ટિવિટી પ્રોજેક્ટના ત્રીજા તબક્કાનું બાકી રહેલું કામ પૂર્ણ થવાની દિશામાં આગળ વધશે. બ્રિજ શરૂ થતાં યોગીચોક અને પુણા વિસ્તારથી મોટા વરાછા તરફ જતાં વાહનચાલકોને વધુ સરળ અને અનુકૂળ માર્ગ ઉપલબ્ધ થશે.



નાસીર નગર ડિમોલિશન મામલે તપાસનો રેલો ડેવલોપર્સ સુધી પહોંચ્યો, તપાસ સમિતિનું તેડું






સુરતના નાસીરનગર ડિમોલિશન પ્રકરણમાં સરકારી તપાસ સમિતિએ તપાસનો વ્યાપ વધાર્યો છે. અત્યાર સુધી પાલિકાના અધિકારીઓ-કર્મચારીઓ પૂરતી મર્યાદિત તપાસ હવે વિવાદી જમીનના ડેવલપરો સુધી પહોંચી છે. ડેવલપરોને પ્રથમ વખત સમિતિ સમક્ષ હાજર થવા તેડું મોકલાયું છે. ત્નઝ્ર એજન્સી અને વીજ પુરવઠા સાથે સંકળાયેલા કર્મચારીઓની પણ પૂછપરછ કરાશે. આજે હાઈકોર્ટમાં સુનાવણી છે અને સમિતિ ટૂંક સમયમાં અહેવાલ રજૂ કરશે.સુરતના ચર્ચિત નાસીરનગર ડિમોલિશન પ્રકરણમાં સરકાર દ્વારા નિયુક્ત ઉચ્ચસ્તરીય તપાસ સમિતિએ તપાસનો વ્યાપ નોંધપાત્ર રીતે વધારી દીધો છે. અત્યાર સુધી માત્ર મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને કર્મચારીઓની પૂછપરછ સુધી મર્યાદિત રહેલી આ તપાસ હવે વિવાદી જમીનના ડેવલપરોના દરવાજે પહોંચી ગઈ છે. નોંધ નં. ૧૨૬૭/૧, ૨ અને ૩ વાળી વિવાદાસ્પદ જમીનમાં પ્રોજેક્ટ વિકસાવનારા ડેવલપરોને પ્રથમ વખત તપાસ સમિતિ સમક્ષ હાજર રહેવા માટે સત્તાવાર તેડું મોકલવામાં આવ્યું છે. આ મહત્ત્વપૂર્ણ વિકાસથી સમગ્ર કેસમાં નવો વળાંક આવ્યો છે.

આ તપાસ માત્ર ડેવલપરો પૂરતી સીમિત નથી, પરંતુ ડિમોલિશનની આખી ઘટના સાથે જોડાયેલા અન્ય સહાયક પાત્રોની પણ ઊંડાણપૂર્વક પૂછપરછ કરવામાં આવી રહી છે. નાસીરનગરમાં ડિમોલિશનની કામગીરી માટે જેસીબી (ત્નઝ્ર) મશીન સ્થળ પર લાવનાર કોન્ટ્રાક્ટર એજન્સીના સંચાલકોને સમિતિ સમક્ષ બોલાવાયા છે. આ ઉપરાંત, ટોરેન્ટ પાવરને ફોન કરીને વીજ પુરવઠો તાત્કાલિક ધોરણે બંધ કરાવી દેવાની જાણ કરનાર પાલિકાના ઈલેક્ટ્રિક વિભાગના કર્મચારી તેમજ ટોરેન્ટ તરફથી તે ફોન રીસીવ કરનાર સંબંધિત કર્મચારીનું નિવેદન પણ નોંધવામાં આવશે.આજે શુક્રવારે પ્રભાવિત નાગરિકો દ્વારા દાખલ કરવામાં આવેલી પીટીશન નં. ૮૭૧૨/૨૦૨૬ પર ગુજરાત હાઈકોર્ટમાં મહત્ત્વપૂર્ણ સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. અગાઉની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે રાજ્ય સરકારને પોતાનું વલણ સ્પષ્ટ કરવા સખત સૂચના આપી હતી, જેના કારણે સરકારની ઉચ્ચસ્તરીય સમિતિની આ તપાસ અત્યંત મહત્ત્વપૂર્ણ બની ગઈ છે. સરકાર દ્વારા સમિતિને શરૂઆતમાં આપવામાં આવેલો સમયગાળો ૧૮ સપ્ટેમ્બરે પૂર્ણ થઈ ગયો હતો, ત્યારબાદ સમિતિએ વધુ સમયની માંગણી કરી હતી. હવે તમામ સંબંધિત પક્ષોના નિવેદનો અને મહત્ત્વના મુદ્દાઓની તપાસ પૂર્ણ કર્યા બાદ નજીકના દિવસોમાં આ સમિતિ પોતાનો આખરી તારણ અહેવાલ રાજ્ય સરકાર સમક્ષ સત્તાવાર રીતે રજૂ કરશે.

ભારતીય મૂળના નાવી પિલ્લઈને શાંતિનો નોબેલ પુરસ્કાર, શાંતિ અને આંતરરાષ્ટ્રીય કાયદાને પ્રોત્સાહિત કરવા બદલ મળ્યું સન્માન



નોર્વેજીયન નોબેલ સમિતિએ ૨૦૨૬નો નોબેલ શાંતિ પુરસ્કાર નવનીતમ 'નાવી' પિલ્લઈને એનાયત કર્યો છે. આંતરરાષ્ટ્રીય કાયદાના અમલીકરણ અને શાંતિના પ્રચાર માટેના તેમના ઉત્કૃષ્ટ પ્રદાન બદલ તેમને આ સન્માન મળ્યું છે. પિલ્લઈએ વૈશ્વિક શાંતિ સ્થાપવા મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

નોર્વેજીયન નોબેલ સમિતિ દ્વારા વર્ષ ૨૦૨૬નો પ્રતિષ્ઠિત નોબેલ શાંતિ પુરસ્કાર ભારતીય મૂળના દક્ષિણ આફ્રિકી ન્યાયાધીશ નવનીતમ 'નાવી' પિલ્લઈને આંતરરાષ્ટ્રીય કાયદાને મજબૂત કરવા અને શાંતિના પ્રચાર માટે તેમના અમૂલ્ય પ્રદાન બદલ એનાયત કરવામાં આવ્યો છે. સાહિત્ય, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને તબીબી ક્ષેત્ર બાદ આ વર્ષનો પાંચમો નોબેલ પુરસ્કાર શાંતિ ક્ષેત્ર માટે જાહેર કરવામાં આવ્યો છે. ગત વર્ષે (૨૦૨૫માં) આ પુરસ્કાર વેનેઝુએલાના વિપક્ષી નેતા મારિયા કોરિના મચાડોને મળ્યો હતો.નકશા જુઓદક્ષિણ આફ્રિકાના ડરબન શહેરમાં રંગભેદ (અપાર્થાઈડ) નીતિના સમયગાળા દરમિયાન ભારતીય તમિલ મૂળના પરિવારમાં જન્મેલા નાવી પિલ્લઈએ એક વકીલ અને કાનૂની અગ્રેસર તરીકે માળખાકીય ભેદભાવ, સામાજિક અસમાનતા અને બહિષ્કાર સામે મજબૂતાઈથી લડત આપી હતી. રંગભેદ સામે અવાજ ઉઠાવનાર નેલ્સન મંડેલા અને અન્ય સાથીઓનો બચાવ કરવાની તેમની શરૂઆતની કામગીરીથી લઈને આજના સમયની મહત્ત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય કોર્ટના કેસોમાં જજ તરીકે સેવા આપવા સુધીની સફર ખૂબ જ પ્રેરણાદાયી રહી છે.

નોબેલ સમિતિના સત્તાવાર નિવેદન અનુસાર, તેમણે રંગભેદ વિરોધી કાર્યકરોનો બચાવ કર્યો હતો અને ૧૯૬૭માં પોતાની લો ફર્મની સ્થાપના કરી હતી. ત્યારબાદ તેમણે ૧૯૮૮માં હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી 'ડૉક્ટર ઓફ જ્યુડિશિયલ સાઈન્સ'ની ડિગ્રી મેળવી અને ૧૯૯૫માં દક્ષિણ આફ્રિકાની હાઈકોર્ટના જજ તરીકે નિયુક્ત થઈને ઈતિહાસ રચ્યો હતો.આંતરરાષ્ટ્રીય સ્તરે ન્યાયિક સંસ્થાઓમાં નવનીતમ 'નાવી' પિલ્લઈ સફર અવિરત રહી.તેઓએ ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટના જજ તરીકે સેવાઓ આપી.વર્ષ ૨૦૦૮થી ૨૦૧૪ દરમિયાન તેઓ સંયુક્ત રાષ્ટ્રના માનવાધિકાર હાઈ કમિશનર રહ્યા.

તંત્રી લેખ

વાયદા બજારમાં ફરી તેજી, ચાંદીમાં ૩૦૦૦ તો સોનામાં ૧૩૦૦થી વધુનો ઉછાળો, રોકાણકારો ખુશ

છેલ્લા કેટલાક દિવસોથી એમસીએક્સ બજારમાં ઉથલપાથલની સ્થિતિ વચ્ચે આજે ચાંદી અને સોનામાં ફરી એકવાર તેજી જોવા મળી છે. જેમાં ચાંદી ફરી એકવાર ૨૨૫૦૦૦ ની નજીક પહોંચી ગઈ છે, તો સોનું પણ દોઢ લાખને ક્રોસ કરી ગયું છે. વાયદા બજારમાં આજે કિંમતી ધાતુઓમાં જબરદસ્ત તેજી જોવા મળી છે. વૈશ્વિક આર્થિક ડેટા અને નીચા બોન્ડ યીલ્ડના માહોલ વચ્ચે સોના અને ચાંદીના ભાવમાં મોટો ઉછાળો નોંધાયો છે.સોનાના વાયદાના બજારમાં ગઈકાલનો જૂનો બંધ ભાવ ૧૪૯૬૧૦ હતો, જે આજે વધીને નવા ઓપન ભાવ (ીહ) ઈજ. ૧૫૦૮૫૧ પર ખૂલ્યો હતો. આમ સોનામાં કુલ ઈજ. ૧૩૮૯ નો ઉછાળો જોવા મળ્યો છે. માર્કેટમાં વધારા સાથે સોનું હાલમાં ઈજ. ૧૫૦૮૯૪ ના સ્તરે ટ્રેડ થઈ રહ્યું છે.બીજી બાજુ ચાંદીમાં પણ તેજીનો તદ્દન મજબૂત પ્રવાહ જોવા મળ્યો છે. ચાંદીનો જૂનો બંધ ભાવ ૨૨૧૨૩૩ હતો, જે વધીને આજે નવા ઓપન ભાવ (ીહ) ઈજ. ૨૨૪૦૯૬ પર ઓપન થઈને રેકોર્ડ તરફ આગળ વધ્યો હતો. ચાંદીમાં કુલ ઈજ. ૩૦૭૧ નો જબરદસ્ત ઉછાળો નોંધાયો છે. હાલ ચાંદી રૂ. ૨૨૪૨૬૯ ના સ્તરે પહોંચી ગઈ છે.

ગામડાંમાં પંચાયત સેવા ચોક્કસ કરવાં માટે સરપંચ અને તલાટીના હોદા નો કાયેકાળ ઓછો કરો '



ગામડાંઓમાં તલાટી અને સરપંચનો સ્થાનિક સ્વરાજનો હોદો ૩ વર્ષેથી ઘટાડીને ૧ વર્ષેનો કરો અને તલાટીનો હોદો માત્ર ૬ મહિના સુધીનો જ સમય નિયત કરશો તો ભ્રષ્ટાચાર ઓછો થઈ શકે છે અને લોકોનાં કામ જલ્દી થવા પામે એમ છે.

સરપંચ,ઉપ સરપંચ અને તલાટી લોકોને સરકારી ગ્રાન્ટ પ્રમાણે કોઈ ચોક્કસ વિકાસ સુવિધા ઉપલબ્ધ કરાવતાં નથી અને પોતાની સગવડો ને સાચવે છે એનું પંચાયતમાં ગેરહાજર રહેવું લોકો ને કોઈ ચોક્કસ પણ રીતે ન સાંભળવા કે ગ્રામસભાનું આયોજન ન કરવું તેમજ લોકોને પડતી અગવડતા માટે બેદરકારી દાખવવી આવાં પ્રયત્ન થતાં હોય છે લોકોનાં ફોન પણ ન ઉપાડવા આવાં બધાં પ્રશ્નોનો નિકાલ ઝડપી બને તેમજ પંચાયત સેવા સરકારી નિયમોથી અલગ શનિવારે અને રવિવારે સવારે ૨ વાગ્યા સુધી ચાલુ રહેવી જોઈએ જેથી લોકોને ધક્કા ખવડાવવામાં આવે છે એ અટકી શકે છે.

આધાર કાર્ડ અને ચુંટણી કાર્ડ, લગ્ન પ્રમાણપત્ર તેમજ આવક, જન્મ મરણના દાખલા કે રહેણાંક અંગે નાં બધું જ કામકાજ સોંપવામાં આવે એ ખુબ જ જરૂરી છે, બાંધકામ અંગેની મંજૂરી જો પંચાયત આપે છે તો એ યોગ્ય રીતે છે કે કોઈ ચોક્કસ ભષ્ટ્રાચાર થાય છે આ અંગે આકરા પગલાં લેવામાં આવે એવી માંગ છે અને ટેલિફોન વડે લગાવવામાં આવતી ફરિયાદ ને ચોક્કસપણે પણ નોંધપાત્ર ઘણી ને સ્થાનિકે તપાસ કરવી જરૂરી છે.

ગામનાં શાળા, મંદિર, દવાખાના, જાહેર ચોક ખાતે, શાકમાર્કેટ ,ગાર્ડન કોઈ મુખ્ય તળાવની સફાઇ અભિયાન કરવામાં આવે, રાત્રે ગ્રામ્ય સુરક્ષા દળ વડે ચોક્કસ સુવિધા તેમજ દબાણો દુર કરવા, કાયદેસર પાણી, ગટરોના પાણી, કચરાપેટી છે કે નહીં એની કાળજી લેવી આવશ્યક પ્રશ્નોને ધ્યાનમાં રાખીને ફરજ નિભાવવા આવે છે કે નહીં સરકારી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે એ જનતાને ઉપયોગી છે થાય કે નહીં, એ અંગે ઉપરી અધિકારી ધ્યાનમાં લે એવી ખુબ જ પાયાની જનહિતમાં જરૂરી રજુઆત કરૂં છું એક જાગૃત નાગરિક તરીકે નીતિન પંડ્યા માધાપર ભુજ કચ્છ.

અરવલ્લી વખતપુરા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને આપત્તિ વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન અપાયું



અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના નવલપુરા ગામે આવેલી વખતપુરા પ્રાથમિક શાળા ખાતે વિદ્યાર્થીઓમાં આપત્તિ વ્યવસ્થાપન અંગે જાગૃતિ કેળવવાના હેતુથી માર્ગદર્શનલક્ષી પ્રવૃત્તિ યોજવામાં આવી હતી.

આ પ્રવૃત્તિ દરમિયાન વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની આપત્તિઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આપત્તિ સર્જાય ત્યારે કઈ સાવચેતી રાખવી, પોતાનો તથા અન્યનો બચાવ કેવી રીતે કરવો અને આવી પરિસ્થિતિમાં શું કરવું તથા શું ન કરવું તે અંગે ચાર્ટ્સ પ્રદર્શન અને વીડિયો દ્વારા વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

આ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં આપત્તિઓ પ્રત્યે જાગૃતિ વધારવા તેમજ આપત્તિના સમયે સતર્કતા, સમજદારી અને સુરક્ષિત વર્તન અંગેની જાણકારી વિકસાવવાનો હતો.આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી, કર્મચારીગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે યોજાયેલા ૩૭ મા આંતર કૉલેજ યુવક મહોત્સવમાં અમીરગઢ આર્ટ્સ કૉલેજ નાટકમાં ત્રીજા ક્રમે વિજેતા બની. તા.૦૬/૧૦/૨૦૨૬ સરકારી વિનયન કોલેજ અમીરગઢના સાંસ્કૃતિક વિભાગ અને નાટ્યધારાના સંયુક્ત ઉપક્રમે તારીખ ૫ અને ૬ ઓક્ટોબર ૨૦૨૬ -૨૭ માટે ૩૭ માં આંતર કોલેજ યુવા મહોત્સવનું આયોજન પાટણ યુનિવર્સિટી ખાતે યોજવામાં આવ્યું હતું, જેમાં ઉત્તર ગુજરાતની ૧૦૪ કોલેજોના ૧૬૩૬ થી વધુ વિધાર્થીઓ વચ્ચે ૨૩ વિવિધ સંસ્કૃતિ કલાસ્પર્ધાઓમાં ભારે હરીફાઈ યોજાઈ હતી. અત્રેની કોલેજના વિદ્યાર્થીઓ નાટક, સ્કીટ, માઇમ તેમજ આદિવાસી નૃત્ય, ડિબેટ, કોલાજ, ક્વિઝ જેવી વિવિધ સ્પર્ધાઓમાં ૩૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વન એક્ટ પ્લે (એકાંકી) જેવી સ્પર્ધામાં વિવિધ કોલેજો વચ્ચે બરાબરીની ટકકરમાં અત્રેની કોલેજના વિધાર્થીઓએ ત્રીજોક્રમ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં ટીમ મેનેજર તરીકે કુમારી ફરહીના શેખ અને ડો. વર્ષા ચૌધરીએ જવાબદારી સંભાળી હતી. અને નિર્દેશક તરીકે ગજેન્દ્ર બારોટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત સમગ્ર કાર્યક્રમના સહાયક મિત્રો ડો. મહેશકુમાર પ્રજાપતિ, યશપાલ, કૈલાસ, જયરાજ, મહેશ, રૂકમા, નરસિંહ તેમજ સમગ્ર વિદ્યાર્થીઓની ટીમે ખૂબ પરીશ્રમ કરી ભારે જહમત ઉઠાવી સફળતા પ્રાપ્ત કરી હતી સંસ્થાના આચાર્યડૉ.નયન કે. સોનારાએ વિજેતા થયેલા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી ભવિષ્ય માટે શુભેચ્છા આપી હતી.

સ્વચ્છતા માટે જરૂરી છે કચરાનું વર્ગીકરણ

આવો, સૌ સ્વચ્છાગ્રહી બનીએ કચરાના વર્ગીકરણ થકી, રાજ્યને સ્વચ્છતાથી સંપન્ન કરીએ

શહેર કે ગામની સુંદરતા આપણા સ્વાસ્થ્ય, પર્યાવરણ અને ભવિષ્યની જવાબદારી છે. આજે ગુજરાત સહિત સમગ્ર ભારતમાં સ્વચ્છ ભારત અભિયાન હેઠળ કચરાના વર્ગીકરણ પર ખાસ ભાર આપવામાં આવી રહ્યો છે. કચરાનું સાચું વર્ગીકરણ કરવાથી જ આપણે સાચા અર્થમાં સ્વચ્છતાને જીવનશૈલી બનાવી શકીએ છીએ.કચરાને મુખ્યત્વે ચાર ભાગમાં વહેંચવામાં આવે છે. પહેલો છે ભીનો કચરો. આમાં રસોડાનો કચરો જેમ કે ફળ-શાકભાજીના છાલ, બાસી ખોરાક, ચા-પત્તી, ફૂલો વગેરે આવે છે. આ કચરો લીલા રંગના ડબ્બામાં નાખવો જોઈએ. ભીનો કચરો ખાતર બનાવવા માટે ઉપયોગી છે. તેને કોમ્પોસ્ટ કરીને આપણે બગીચા કે ખેતરમાં ઉપયોગ કરી શકીએ છીએ. આથી જમીનની ફળદ્રુપતા વધે છે અને રાસાયણિક ખાતરની જરૂરિયાત ઘટે છે.બીજો છે સૂકો કચરો. પેપર, કાર્ડબોર્ડ, પ્લાસ્ટિકની બોટલ, કેન, અખબાર, કાચ વગેરે સૂકા કચરામાં આવે છે. આને વાદળી રંગના ડબ્બામાં નાખવો જોઈએ. સૂકો કચરો રિસાયકલ થઈ શકે છે. તેને અલગ કરીને ઉદ્યોગોમાં ફરીથી વાપરી શકાય છે. આથી કુદરતી સંસાધનોની બચત થાય છે અને પર્યાવરણનું રક્ષણ થાય છે.ત્રીજો છે જોખમી કચરો. બેટરી, બલ્બ, દવાની પટ્ટીઓ, થર્મોમીટર, કેમિકલ વાળી વસ્તુઓ વગેરે જોખમી કચરો છે. આને કાળા રંગના ડબ્બામાં નાખવો જોઈએ. આવો કચરો જો સામાન્ય કચરા સાથે મિક્સ થઈ જાય તો જમીન અને પાણીને ઝેરી બનાવી શકે છે. તેથી તેને અલગ રાખીને વિશેષ રીતે નિકાલ કરવો જરૂરી છે.

ચોથો છે સેનેટરી વેસ્ટ. સેનેટરી પેડ, ડાયપર, માસ્ક, કોટન વગેરે આ કેટેગરીમાં આવે છે. આને લાલ રંગના ડબ્બામાં નાખવો જોઈએ. આ કચરો આરોગ્ય માટે જોખમી હોઈ શકે છે તેથી તેને અલગ અને સુરક્ષિત રીતે નિકાલ કરવો અનિવાર્ય છે .કચરાનું વર્ગીકરણ કરવાથી અનેક ફાયદા થાય છે. પહેલું, કચરાનો નિકાલ સરળ અને વ્યવસ્થિત બને છે. બીજું, રિસાયકલિંગ વધે છે અને નવા સંસાધનોની જરૂરિયાત ઘટે છે. ત્રીજું, જમીન, પાણી અને હવાનું પ્રદૂષણ ઘટે છે. ચોથું, રોગચાળાની સંભાવના ઓછી થાય છે. પાંચમું, આપણું શહેર અને રાજ્ય સ્વચ્છ અને સુંદર દેખાય છે.દરેક નાગરિકે ઘરે, ઓફિસમાં, શાળામાં અને જાહેર સ્થળોએ કચરાનું વર્ગીકરણ કરવાની આદત પાડવી જોઈએ. બાળકોને પણ આ વિશે શીખવવું જોઈએ જેથી આગામી પેઢી સ્વચ્છતા પ્રત્યે જાગૃત રહે. સરકાર દ્વારા પણ વિવિધ રંગના ડબ્બા પૂરા પાડવામાં આવી રહ્યા છે અને જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યા છે.



સ્વચ્છતા એ કોઈ એક વ્યક્તિનું કામ નથી. તે સમગ્ર સમાજની સામૂહિક જવાબદારી છે. જો આપણે દરેકે કચરાનું વર્ગીકરણ કરીએ તો ગુજરાતને સાચા અર્થમાં સ્વચ્છ અને સ્વસ્થ રાજ્ય બનાવી શકીએ. આવો, આજથી જ આપણે કચરાના વર્ગીકરણની શરૂઆત કરીએ અને સ્વચ્છતાને આપણી જીવનશૈલી બનાવીએ. સ્વચ્છ ગુજરાત, સ્વસ્થ ગુજરાત આપણું સપનું સાકાર કરીએ.

IIFT GIFT સિટી કેમ્પસ ખાતે બ્લૂમબર્ગ ટર્મિનલ ભવિષ્ય માટે તૈયાર ફાઇનાન્સ વ્યાવસાયિકો બનાવી રહ્યું છે.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેન ટ્રેડ)ીૈહ્વ)ના ગિફ્ટ સિટી કેમ્પસમાં બ્લૂમબર્ગ ટર્મિનલની ઉપલબ્ધતા સ્મ્છ વિદ્યાર્થીઓ માટે વર્ગખંડના શિક્ષણથી આગળ વધીને, વૈશ્વિક નાણાકીય સેવા ઉદ્યોગમાં વપરાતા સાધનો, માહિતી અને બજારના વાતાવરણથી પરિચિત થવાની એક તક છે.

બ્લૂમબર્ગ ટર્મિનલ એ વિદ્યાર્થીઓ માટે એક ક્રાંતિકારી શૈક્ષણિક સાધન છે, જે સમાચાર, ડેટા, વિશિષ્ટ આંતરદૃષ્ટિ અને ટ્રેડિંગ ટૂલ્સની ઝડપી સુલભતા સાથે અત્યાધુનિક ટેકનોલોજી અને માહિતી પ્રદાન કરીને નાણાકીય બજારોનો અનુભવ અને સમજ પૂરી પાડે છે .ીૈહ્વ ૈંહ્વ સિટી કેમ્પસના વિદ્યાર્થીઓ માટે, બ્લૂમબર્ગ ટર્મિનલ એ આગામી પેઢીની ટેકનોલોજી પર આધારિત એક ડિજિટલ નાણાકીય સાધન બની ગયું છે .તેઓ શ્રેષ્ઠ કક્ષાના ડેટા, સમાચાર, સંશોધન, વિશ્લેષણ અને નાણાકીય જગતના વૈશ્વિક સમુદાય સુધીની પહોંચનો ઉપયોગ કરીને નિર્ણયો લઈ શકે છે.

ીૈહ્વ ૈંહ્વ સિટી કેમ્પસ ખાતેનો 'બ્લૂમબર્ગ માર્કેટ કન્સેપ્ટ' (મ્સ્ઝ) સર્ટિફિકેટ કોર્સ વિશ્વાઓ) સદા જાણ અનુકૂલનશીલ અને વ્યવહારુ અભિગમ ધરાવતા વ્યાવસાયિકો બનવામાં મદદ ક૪/૭ નાણાકીય વ્યાવસાયિકો તરીકે સંસ્થાઓ અને વ્યવસાયોને ઘડવામાં યોગદાન આપશે, તેમજ વિશ્વભર કાર્યરત વ્યવસાયોની નાણાકીય સ્થિતિનું વધુ સારી રીતે વિશ્લેષણ કરવા માટે પણ સક્ષમ બનશે.

બ્લૂમબર્ગ ખાતરી આપે છે કે તેના સર્ટિફિકેટ અભ્યાસક્રમો ઉદ્યોગ-વિશિષ્ટ જ્ઞાન અને કૌશલ્ય ઉમેરીને વિદ્યાર્થીઓના રિઝ્યુમને મજબૂત બનાવી શકે છે .તેમના સીવી પર બ્લૂમબર્ગ એક્સપોઝર અને સર્ટિફિકેશન હોવાથી વિદ્યાર્થીઓને ગિફ્ટ સિટીના વધતા નાણાકીય-સેવા ઈકોસિસ્ટમ અને વૈશ્વિક સ્તરે ઉપલબ્ધ કારકિર્દીની તકોમાં કારકિર્દી માટે તૈયારી કરતી વખતે વધારાની ધાર મળે છે.

બ્લૂમબર્ગ ટર્મિનલનો ઉપયોગ ઘણીવાર વિવિધ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, ીૈહ્વ સિટીમાં હાજર ીૈહ્વજીઝછ નિયંત્રિત સંસ્થાઓ અને મેનેજમેન્ટ સંસ્થાઓ દ્વારા વૈશ્વિક નાણાકીય બજારો, સમાચાર, સંશોધન, વિશ્લેષણ અને નાણાકીય માહિતી મેળવવા માટે કરવામાં આવે છે .બ્લૂમબર્ગ માર્કેટ કોન્સેપ્ટ્સ) મ્સ્ઝ) પ્રમાણપત્રના વ્યવહારુ અનુભવ દ્વારા સમર્થિત, વિદ્યાર્થીઓ તેમની વિશ્લેષણાત્મક કુશળતાનો ઉપયોગ તેમના વ્યાવસાયિક પ્રોફાઇલમાં એક મહત્વપૂર્ણ ઉમેરો તરીકે કરી શકે છે અને તેમની ીૈહ્વ સ્મ્છ (આંતરરાષ્ટ્રીય વ્યાપાર (લાયકાતને પૂરક બનાવી શકે છે, જે નાણાકીય ખ્યાલોને× જાણવા ×થી લઈને નાણાકીય નિર્ણયો જેના પર આધારિત છે તે માહિતી સાથે ખરેખર કામ કરવા સુધી શીખવામાં એક મહત્વપૂર્ણ પરિવર્તન લાવે છે.

ીૈહ્વ ૈંહ્વ સિટી કેમ્પસમાં મેનેજમેન્ટ શિક્ષણ મેળવી રહેલા વિદ્યાર્થીઓ માટે, આ એક્સપોઝર ખાસ સુસંગત છે કારણ કેૈંહ્વ સિટી આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓ માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે, જે નાણાકીય સંસ્થાઓ, એક્સચેન્જો, બેંકો, ફિનટેક કંપનીઓ અને વૈશ્વિક બજારો સાથે જોડાયેલા અન્ય વ્યવસાયોને એકસાથે લાવે છે .આ અર્થમાં, બ્લૂમબર્ગ ટર્મિનલ કેમ્પસમાં વધારાની સુવિધા કરતાં વધુ રજૂ કરે છે .તેીૈહ્વ ૈંહ્વ સિટી કેમ્પસમાં એક મોટા પ્રયાસનો ભાગ છે જેમાં એક એવું શિક્ષણ વાતાવરણ બનાવવામાં આવે છે જયાં વિદ્યાર્થીઓ મજબૂત શૈક્ષણિક પાયા વિકસાવતી વખતે વૈશ્વિક વ્યવસાય ઈકોસિસ્ટમની વાસ્તવિકતાઓથી પરિચિત થાય છે.

ીૈહ્વ ના સહભાગીઓની ક્ષમતા નિર્માણ) ૬ક્ટ્ઠક્ટ્ઠક્ટ્ઠેંઅ ૈંહ્વૈંહ્વૈંહ્વ) માટે કરવામાં આવેલા આ રોકાણ બદલૈંહ્વ ના માનનીય વાઇસ ચાન્સેલર પ્રો .ડૉ .કે રંગરાજન,ીૈહ્વ ૈંહ્વ સિટી કેમ્પસના વડા પ્રો .ડૉ . રાજેન્દ્ર પ્રસાદ શર્મા અનેીૈહ્વ ૈંહ્વ સિટી કેમ્પસના એસોસિયેટ પ્રોફેસર ડૉ .કૌશિક ભટ્ટાચાર્યના પ્રયાસોની પ્રશંસા કરવામાં આવે છે .



ભારતીય પરંપરાગત રીતે માતાજીના ગરબા (ઘડા) ત્યાર થઈ રહ્યા છે જેમાં કારીગરો રંગ બે રંગથી માટીના ઘડુલા ત્યાર કરી રહ્યા છે.નવરાત્રીને હવે એક જ દિવસ બાકી છે ત્યારે માતાજીના ઉપાસકો નવ દિવસ માતાજી ની પૂજા અર્ચના કરતા હોય છે, અને માટીનો ગરબો પણ ઘણાં લોકો લાવતા હોય છે. પ્રજાપતિ (કુંભાર) સમાજ દ્વારા માટીના ગરબા (ઘડુલો) ઘડતા હોય છે અને ભક્તો ભક્તિ ભાવ પૂર્વક એમાં માતાજીનો દીવો પ્રગટવતા હોય અને માતાજીને પૂજા અર્ચના કરતા હોય છે આ વર્ષે આ ગરબા ને પણ મોંઘવારી નડી છે અને તેના ભાવ પણ વધ્યા છે.અને અંદાજે એક ગરબો રૂપિયા ૧૦૦ થી ૧૫૦ સુધી નો પડે છે. આમ ભાવ વધે તો પણ લોકો માતાજી ની પૂજા ભક્તિ ભાવ પૂર્વક કરતા હોય છે. (તસ્વીર : વસંત મહેતા)



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



વિષય. ખાલી ખુરશી અને ભરેલી યાદો
શીર્ષક. હેડમાસ્ટર
પ્રકાર.ગદ્ય.શબ્દ. ૩૦૦

આજે ઘણા સમય પછી હેડમાસ્ટર સોહનલાલને નિશાળે જવાનું થયું. પેન્શન માટેના અમુક કાગળો પર સહી કરાવવાની હતી. વર્ષો સુધી આ જ શાળામાં હેડમાસ્ટર તરીકે ફરજ બજાવી હોવાથી આજે પણ બધા તેમને ઓળખતા હતા. એટલે કોઈ રોકટોક નહીં કરે એમ વિચારી તેઓ સીધા પોતાની જૂની કેબિનમાં ગયા.

કેબિનનો દરવાજો ખોલ્યો અને સામે નજર પડી તો ક્ષણભર માટે પગ થંભી ગયા.

સામે તેમની એ જ ખુરશી હતી.

નવા હેડમાસ્ટર હજુ આવ્યા નહોતા એટલે ખુરશી ખાલી હતી. એક ક્ષણ માટે તેમને થયું કે જઈને બેસી જાય, પણ તરત જ વિચાર આવ્યો,''હવે આ ખુરશી મારી નથી.''

તેઓ ખુરશી પાસે ગયા અને પીઠ પર ધીમેથી હાથ ફેરવ્યો. આંખો સામે વર્ષો જૂના દૃશ્યો તરવરી ઊઠ્યા.

આ જ ખુરશી પર બેસીને તેમણે કેટલાય નિર્ણયો લીધા હતા. શિક્ષકોને સૂચનાઓ આપી હતી, વિદ્યાર્થીઓની ફરિયાદો સાંભળી હતી અને કેટલાય ગરીબ બાળકોની ફી પણ પોતાના પગારમાંથી ભરી હતી.

તેમને રવિ યાદ આવ્યો. ગરીબ પરિવારનો એ છોકરો એક વખત પરીક્ષામાં નાપાસ થયો હતો અને ડરના કારણે શાળા છોડવા માગતો હતો. સોહનલાલે તેને સમજાવ્યું હતું, ''નાપાસ થવું એ અંત નથી, ફરી પ્રયત્ન કરવો એ જ સાચી જીત છે.''

આજે એ જ રવિ શહેરની મોટી કંપનીમાં અધિકારી હતો. થોડા દિવસ પહેલાં જ ફોન કરીને તેણે કહ્યું હતું, ''સાહેબ, તમે ત્યારે મને રોક્યો ન હોત તો આજે હું અહીં ન હોત.''

સોહનલાલની આંખો ભીની થઈ ગઈ.

તેમણે ખુરશી તરફ જોયું. ક્યારેક જે ખુરશી સત્તાનું પ્રતીક હતી, આજે એ જ ખુરશી તેમને જીવનની સચ્ચાઈ સમજાવી રહી હતી.

ખુરશી ક્યારેય કોઈની કાયમી નથી હોતી. પદ આવે છે અને જાય છે,

સોહનલાલે ખુરશીને અંતિમ સલામ કરી, કાગળો હાથમાં લીધા અને બહાર નીકળી ગયા.

મેદાનમાં બાળકોના હસવાનો અવાજ સંભળાતો હતો.

તેમના ચહેરા પર સંતોષનું સ્મિત હતું.
પદ છૂટી ગયું હતું, પણ શિક્ષક તરીકેનું તેમનું અસ્તિત્વ હજુ એ જ શાળાની દીવાલોમાં જીવતું હતું.
સુચિતા રાવલ ગાંધીનગર

★★★★★★
NOGSS :168
વિષય: ખાલી ખુરશી અને ભરેલી યાદો
શીર્ષકઃ યાદોનું ભાથું
પ્રકાર:પદ્ય શબ્દોઃ૧૧૪

વ્હાલૈ વ્યક્તિની ની યાદ સદા જીવંત રહે છે,
એ હતાં મારા મા જનની, જે મને ખૂબ વ્હાલૈ હતા.

આજે પણ એમનાં પ્રેરણાદાયક સંવાદ યાદ આવે છે,
હતાં મારાં માટે મારાં મા પ્રથમ આધ્યાત્મિક ગુરુ.

ખાલી ખુરશી ખાલી બેઠક એ બધું યાદ અપાવે છે...
હતાં મારાં માટે મારા મા એક જ્ઞાનની દેવી જીવનમાં.

યાદ કરું હું માને જ્યારે દ્રશ્યો જીવંત પ્રગટી ઉઠે,
ભાસ થાય મને હું માના જીવંત દ્રશ્ય જોઈ રહ્યો છું.

ભૌતિક સ્વરૂપે મા આજે હાજર નથી તો શું થયું,
હાસ્ય પ્રેમ સંવાદ પ્રેરણા આજે પણ મારી સાથે છે.

ખાલી ખુરશી ખાલી. બેઠક ભરેલી યાદો સતાવે છે,
માના ચિધેલ માર્ગે ચાલવું આજે, એ મારો ધર્મ છે.

બ્ર. કુ. ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' (અમદાવાદ)
★★★★★★★
NOG SS No.343
વિષયઃ ખાલી ખુરશી ને ભરેલી યાદ
શીર્ષકઃ આશીર્વાદ નો અહેસાસ
પ્રકાર:પધ શબ્દો-૭૦

ઘરમાં પડી છે એક ખાલી ખુરશી, આંખોમાં છલકાય છે યાદ,
માતા-પિતાની એ પાવન સ્મૃતિ, આજે પણ હૈયેથી પાડે સાદ,

ભણતર સાથે એમણે જીવતરનો, શીખવ્યો સાચો પાઠ,
સત્ય અને સત્માર્ગે ચાલવાનો, અંતરથી આપ્યો નાદ,

હાજર નથી છતાં છત્રછાયાનો કાયમ રહે અહેસાસ,
આંખો બંધ કરું ત્યાં ચહેરા જાણે અંતરીક્ષ થી આપે આશીર્વાદ ખાસ,

શબ્દો નથી માતા-પિતાની ખોટના ક્યાં જઈ કરીએ ફરિયાદ?
' ચંદ્ર ' સૂર્ય સમ એ વેઠી પીડા સદાય આપે સંતાનોને આશીર્વાદ.

'ચંદ્ર'કાન્ત હરીલાલ માઢક (રાજકોટ)
★★★★★★★
NO?G SS NO- 382
વિષય- ખાલી ખુરશી ભરેલી યાદો.
રચના:પદ્ય શબ્દ- ૧૩૫
શીર્ષક- ખુરશી ને પણ લાગી આવ્યું.
૫..
વગર તમારા અમ રુઆબ દીસે અધૂરો
ખુરશી ને પણ લાગી આવ્યું.
કેમ તમેં મને નોંધારી મૂકી, લો નથી ડોલતી!જુઓ મેં પણ છે ઘડપણ પાળ્યું.

હું તમે ને કેવી સંગે મહેફિલ સજાતી
ટીપોઈ છાપા સંગે એ સવારો રમતી.
લાલો લાડકવાયો ટાલમાં ટકોરા દઈ હસતો,
દાદાની પાઘડીને ખૂંટે હવે અકારું લાગ્યું-
અટૂલી ખુરશી ને બહુ લાગી આવ્યું.

આરામ ખુરશીમાં જીવન મધુરપ ગણતું
કામમાંથી નિરાંત ખોળી ને ઝોકું ઝુલતું.
જાઓ જમવા દાદા, ખુરશી ખુશી પીરસતી,
ખુરશી પણ જાત ખંખેરી આડી પડતી.

સમય વિતતો જાતો ને હવે દાદાઈ કરમાતી
દરજ્જો બદલાતાં ખુરશી પણ અકળાતી.
સાહેબ ચપરાશી નાના મોટાની હું રે જગઝુલા
દરજ્જો ધરતી ને યાદો ઝીલતી કેવી દેતી હોંકારા.

પરિવારનો મોભો ખૂણે છૂપાઈ, આજ લૂછતો આંસું,
ખાલી ખુરશીને દીઠી લાચારી, કોઈ યાદ ન કરતું.

નવાજમાને અંતરધ્યાન થયા રે આરામ ઓ મનીયા,
જોઈ ખુરશી યાદ આવે, આજ એ ઉજળેલી દુનિયા.

રમેશ પટેલ'' આકાશદીપ''
★★★★★★★
NOG SS NO - 191
વિષય : ખાલી ખુરશી ને ભરેલી યાદો..
શીર્ષક : આંખમાં અશ્રુની હેલી છે.
પ્રકાર:પદ્ય શબ્દોઃ ૧૦૪

હૈયે ધબકે સ્મરણોને આંખમાં અશ્રુની હેલી છે,
ઉદાસીના આલમમાં જીંદગી અમારી ડૂબેલી.છે.

ખાલી છે ખુરશીઓ ને ખાલી છે આખુ દિવાન,
પણ જ્યાં જુવો ત્યાં યાદો એમની ભરેલી છે.

દૃશ્ય નહી તો અદૃશ્ય હાજરી એની વર્તાય છે,
એના સ્મરણોની સુવાસ અહીંયા પ્રસરેલી છે.

યાદો આવી ને દે છે, દસ્તક હર્દય ના દરવાજે,
ને સ્મૃતિઓ અહીંયા ચારેકોર વિખરાયેલી છે.

છે હૃદયમાં ખાલીપો ને આંખોમાં શૂન્યાવકાશ,
ઉદાસીનતા અંતરમાં વ્યથાને લઈને વિસ્તરેલી છે.

ભુલવા ચાહીએ તો પણ, નહીં ભુલી શકીએ,અમે,
જો એક છબી દિવાલ પર ને,એક દિલમાં મઢેલી છે.

અસ્થિ તો ઊડી ગયા, રાખ થઈ ને ઊંચે આકાશમાં,
"મિત્ર" અસ્તિત્વની ઓળખ અંતરમાં છપાયેલી છે.

વિનોદ સોલંકી મિત્ર લખતર.
★★★★★★
NOG SS No:102.
વિષયઃ- ખાલી ખુરશી અને ભરેલી યાદો.
પ્રકારઃ- ગદ્ય. શબ્દઃ-૨૯૩.

દરેક વસ્તુ પોતાના સ્થાને યોગ્ય લાગે છે. દાંત ,વાળ, નખ અને માણસ પોતપોતાના સ્થાને હોય ત્યારે સુંદર લાગે છે, પરંતુ જ્યારે તે સ્થાન ભ્રષ્ટ થાય છે ત્યારે તેની કોઈ કિંમત રહેતી નથી.

દરેક માનવીને ખુરશીનો મોહ હંમેશા હોય છે. કેટલાક લોકો ખુરશી ઉપર ૨૦ ,૨૫ કે ૩૫ વર્ષ સુધી બેઠા બેઠા અનેક પ્રકારની સત્તા ભોગવતા હોય છે. આ ખુરશી ઉપર જ્યારે બેઠા હોય ત્યારે તે જગતના સૌથી શ્રેષ્ઠ હોય તેઓ તેનો પોતાનો મનોભાવ હોય છે. બીજા ઉપર સત્તાનો કોરડો વિંઝી પોતાની સત્તાથી બીજાને તાબેદારી કરાવી, નીચેના લોકોને કીડી ,મકોડાની જેમ સમજી તેના સાથે ખરાબ વ્યવહાર કરવો. આ ખુરશી ઉપર બેઠેલા લોકોનું મોટે ભાગે આવું માનસ જોવા મળે છે, પરંતુ આ ખુરશી કાયમ માટે હોતી નથી સમય પૂરો થતાં વ્યક્તિએ પોતાની ખુરશી તજી અને સામાન્ય માણસની જેમ રહેવું પડે છે.

નિવૃત્ત થયેલો વ્યક્તિ જ્યારે પોતાને ખુરશીને ફરી પાછો જ્યારે જુએ ત્યારે તેની સાથે તેની ઘણી બધી યાદો જોડાયેલી હોય છે. આ ખુરશી ઉપર બેસી અને વર્ષો સુધી સાચા-ખોટા અનેક નિર્ણયો કર્યા હોય તેની યાદ તેના મગજમાં તાજી થતી હોય છે. કેટલાક લોકો એવા સારા હોય છે કે પોતાની સત્તાનો ઉપયોગ કરી બીજા લોકોના અનેક ભલાઈના કામો કર્યા રાખે, પરંતુ કેટલાક ખુરશી ખોરો એવા પણ હોય છે કે લોકોના કામ કરવાને બદલે જનતાની સેવા કરવાની બદલે પોતાના ખીસા ભરે. પોતે સમૃદ્ધ થાય અને જીવનભર નિવૃત્ત થયા પછી ક્યાંય કમાવા ન જવું પડે.

ખુરશી ઉપર બેસીને કરેલા સદકાર્યો તેના મગજને નિવૃત્તિ પછી પણ આનંદિત કરી શકે છે અને જ્યારે ખુરશી ઉપર બેઠા બેઠા ભ્રષ્ટાચાર કર્યો હોય અને ખુરશી

આભાર - નિહારીકા રવિયા છોડી હોય ત્યારે પણ ક્યારેક એવો મગજમાં ભય સતાવ્યા રાખે છે કે આ મારી પાછલી પોલો બધી ખુલી જશે મારા ઉપર કામ ચાલશે તો મારી કેવી દશા થશે? તેવો ભય તેને હંમેશા સતાવતો હોય છે.

ખુરશી ખાલી થાય ત્યારે તેની ઉપર બેસીને કરેલા? સદ કાર્ય હંમેશાં આનંદ આપે છે.
રતીલાલ વાયડા (રોડપાલી,નવી મુંબઈ.)

★★★★★★
NOGSS NO. : 407
વિષય : "ખાલી ખુરશી અને ભરેલી યાદો"
શીર્ષક : હુંફાળો રણકો સંભળાય છે.
પ્રકાર : પદ્ય, શબ્દો : ૧૬૦

જે જીવ આવ્યો છે તે તેની આવરદા પૂરી કરી દુનિયામાંથી જાય છે, ને ગયેલાનો હંમેશા દિલમાં એક ખાલીપો રહી જાય છે.

તમારી ખુરશી ઘરમાં ભલે ખાલી પડી હોય, પણ તમારાં ખાટા મીઠાં સંભારણા ચોક્કસથી યાદ રહી જાય છે.

નાનપણમાં ઓટલાની ઓસરીએ બધાં બાળકો તમારી સાથે સૂતાં અને કાન્હા કુંભાર કે અકબર બિરબલ ની વાર્તા સાંભળતા સાંભળતા મીઠી નીંદરે પોઢતાં આ દિવસો ક્યાં પાછાં આવવાના તે અફસોસ હવે રોજ રોજ થાય છે.

કે "કેમ છે મના" નો એ રણકતો અવાજ, ને અમદાવાદ એવો ત્યારે મહુડીની જાત્રા અને રસ્તે અંબોડનાં ગોટાં નો સ્વાદ ને એ યાદ ક્યાં હજું મનમાંથી જાય છે.

કાકા નાં હુલામણાં નામે ઓળખાતા મારાં ઓ ભીખાભાઈ નાના અને દેવેનભાઈને નામે વચલા નંબરનાં મારા કાકા, તમે ગયાં વર્ષો વીતી ગયા પણ આજે પણ આપનાં હેતાળ શબ્દોનાં ભણકારા મને ઘણીવાર થાય છે.

જીવન તમારાં બંનેનું રહ્યું સાવ સરળ અને નિખાલસ, અમે બાળકો માટેનો તમારો હુંફાળો રણકો, ઉંઘતા કે જાગતાં આજે પણ ક્યારેક મને સંભળાય છે, ક્યારેક મને સંભળાય છે.

મનન શાહ, "મનસ"
અમદાવાદ.
★★★★★★★
NOG SS NO : 412
વિષયઃખાલી ખુરશી ભરેલી યાદો
શીર્ષકઃપડદો પડ્યો, પાત્ર અમર રહ્યું.
પ્રકારઃ ગદ્ય
શબ્દોઃ ૩૦૦

બતાવ, આમાં મુસલમાનનું લોહી કયું અને હિન્દુનું કયું?
'ક્રાંતિવીર'માં નાના પાટેકરના મુખેથી નીકળેલો આ સવાલ માત્ર ફિલ્મનો સંવાદ નહોતો; એ માનવતાને જગાડતો સવાલ હતો. આજે એ સવાલને પડદા પર જીવંત કરનાર અવાજ હંમેશ માટે શાંત થઈ ગયો છે, ત્યારે એ શબ્દો વધુ ઊંડા બનીને હૃદયમાં ઊતરે છે.
કેટલીક ખુરશીઓ ખાલી થાય ત્યારે માત્ર એક જગ્યા ખાલી થતી નથીપ આખું વાતાવરણ સૂનું થઈ જાય છે. જે ખુરશી પર કોઈ વ્યક્તિ બેસતી હોય, ત્યાં તેની હાજરીની ગરમાહટ, અવાજ અને હાસ્ય જાણે લાંબા સમય સુધી બેસી રહે છે. આજે નાના પાટેકરની વિદાયે એવી જ એક ખુરશી ખાલી થઈ છે—પણ તેમની યાદોથી એ ખુરશી કાયમ માટે ભરાઈ ગઈ છે.
નાના પાટેકર માત્ર અભિનેતા નહોતા; તેઓ અભિનયના એક અલગ જ વ્યક્તિ હતા. ચહેરા પરનો ગુસ્સો હોય કે આંખોમાં છલકાતી વેદના, સંવાદમાં રહેલો આકોશ હોય કે મૌનમાં છુપાયેલી લાગણી,તેઓ પાત્રને ભજવતા નહોતા, પાત્ર બની જતા.
'પરિંદા', 'ક્રાંતિવીર', 'અગ્નિસાક્ષી', 'અબ તક છપ્પન', 'નટસમ્રાટ' જેવી ફિલ્મોમાં તેમનો અભિનય આજે પણ યાદ આવે છે. અને 'વેલકમ'ના ઉદય શેટ્ટી તરીકે તેમણે ગંભીર અભિનયની સાથે હાસ્યનો એવો રંગ ઉમેર્યો કે દર્શકો આજે પણ તેમને યાદ કરીને હસી પડે છે.
આજે કદાચ કોઈ ફિલ્મના સેટ પર એક ખુરશી ખાલી હશે. કોઈ સાથી કલાકાર અજાણતાં તેની તરફ જોશે અને ક્ષણભર માટે મન કહેશે..કે..
''હમણાં નાના આવશેપ બેસશેપ અને પોતાના આગવા અંદાજમાં કંઈક બોલશે.''
પણ હવે એ અવાજ સંભળાશે નહીં.
તેમ છતાં, કલાકારનું શરીર વિદાય લે છે, કળા નહીં. પડદા પર તેઓ ફરી આવશે, સંવાદોમાં ફરી ગુંજશે અને યાદોમાં ફરી જીવંત થશે.
આજે પડદો પડ્યો છેપ
પણ પાત્ર અમર થઈ ગયું છે.
કેટલાક કલાકારો પડદેથી વિદાય લે છે,
પણ દર્શકોના હૃદયમાંથી ક્યારેય નહીં.
નાના પાટેકરને ભાવભીની શ્રદ્ધાંજલિ. "વહેતી" હર્ષિદા સુરતવાલા (મુંબઈ)



ઈન્દ્ર પ્રસ્થ પ સોસાયટી પ્રહલાદ નગર માં કષ્ટ ભંજનદેવ હનુમાનજી મહારાજના સુંદર કાંડના પાઠનુ ભવ્ય આયોજન સોસાયટી તરફથી ભાદરવા માસમાં કરવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં રહીશો એ ભાગ લિધો હતો

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ અમદાવાદ શહેર (માતૃસંસ્થા) અને સાબરમતી વિભાગ૧૩ ના સંયુક્ત ઉપક્રમે તા. ૨૪.૧૦.૨૦૨૬, વિક્રમ સંવત ૨૦૮૨ અશ્વિન માસની ત્રયોદશી તિથિ ને શનિવારે શરદ ઋતુ ના વધામણાં માતાજીની ભક્તિ દ્વારા કરવા રાસ ગરબાનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. તા. ૧૦.૧૦.૨૦૨૬ ના દિવસથી પાસનુ વિતરણ શરૂ થઈ જશે.

ધસારાને પહોંચી વળવા માટે વહેલા તે પહેલા ના ધોરણે કરવામાં આવશે. નિયત પાસ પૂરા થાય તે પહેલાં આપના પાસનુ બુકિંગ આપના વિભાગના પ્રદેશ પ્રમુખ અથવા કારોબારીના સભ્યો પાસે વેળાસર કરાવી લેશો.

શુભ દિન

વિક્રમ સંવત ૨૦૮૨ અશ્વિન માસ, તિથિ શુક્લ પક્ષ ત્રયોદશી, શનિવાર

તા. ૨૪.૧૦.૨૦૨૬

શુભ સ્થળ

રાઘવ ફાર્મ, અડાલજ રોડ, ઝુંડાલ સર્કલ પાસે, અમદાવાદ.

સમય સાંજના ૦૬.૦૦ વાગ્યાથી શરૂ.

પ્રવેશ પાસ ફી ? ૧૦૦/- (પ્રતિ વ્યક્તિ) પંદર વર્ષથી ઉપરના માટે.

પાસમાં પ્રવેશ સાથે સામેલ છે (રાત્રીના ૦૮.૦૦ વાગ્યા પછી) -- એક સમોસા, એક પફ, એક વડાપાઉં, પાણી અને કોલ્ડ ડ્રિંક્સની એક નાની બોટલ.★★

★★ ફક્ત પાસ ઉપરજ.

નોંધઃ પ્રવેશ માટે પારંપરિક વસ્ત્ર પરિધાન ફરજિયાત છે પાશ્ચાત્ય વસ્ત્ર પરિધાન વર્જિત છે.



પાટણમાં હેરિટેજ ગરબા મહોત્સવ: ૪૦૦૦ ખેલૈયા માટે સુરક્ષા વ્યવસ્થા: ઊઇ કોડ ટિકિટ, ૧૫૦ સ્પ્રિંકલર્સ ગોઠવાયા; ટિકિટ ?૨૫૦ થી ૩૦૦; રાત્રે ૧૧:૫૯ સુધી લાઉડસ્પીકરની મંજૂરી



પાટણ ઊંઝા રોડ ઉપર આવેલ ખોડાભા હોલ ખાતે હેરિટેજ ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૪૦૦૦ ખેલૈયાઓ અને ૪૦૦૦ દર્શકો બેસી શકે તેવી વિશાળ વ્યવસ્થા ઊભી કરાઈ છે. ફાયર સેફ્ટી માટે ગ્રાઉન્ડમાં ૧૫૦ સ્પ્રિંકલર્સ લગાવવામાં આવ્યા છે તેમજ ટિકિટ ડુપ્લિકેશન રોકવા માટે ઊઇ કોડ આધારિત સ્કેનિંગ સિસ્ટમ લાગુ કરવામાં આવી છે.ખોડાભા હોલ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ હેરિટેજ ગરબા મહોત્સવનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આયોજક ચિરાગ પટેલે વિગતો આપતા જણાવ્યું કે ગ્રાઉન્ડમાં પ્રવેશ માટે મહિલાઓ અને પુરુષો માટે અલગ-અલગ પ્રવેશ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે જેથી કોઈ અવ્યવસ્થા ન સર્જાય. ગરબા ગ્રાઉન્ડ એટલું વિશાળ છે કે તેમાં એકસાથે આશરે ૪૦૦૦ ખેલૈયાઓ ગરબા રમી શકશે. આ ઉપરાંત ફૂડ સ્ટોલ તરફના અન્ય ગ્રાઉન્ડમાં ૪૦૦૦ લોકો આરામથી બેસીને ન્ઈઢ સ્ક્રીન પર ગરબા નિહાળી શકે તે પ્રકારની બેઠક વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

ફાયર સેફ્ટી સંદર્ભે ખાસ તકેદારી રાખતાં સિસ્ટમ અપગ્રેડ કરવામાં આવી છે અને ગ્રાઉન્ડમાં ૧૫૦ ફુવારા એટલે કે સ્પ્રિંલર્સ ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે, જેથી કોઈપણ અણબનાવ સમયે તાત્કાલિક નિયંત્રણ મેળવી શકાય

ખેલૈયાઓની સુરક્ષા અને સલામતી માટે ગત વર્ષની સરખામણીએ લેડીઝ અને જેન્ટ્સ બાઉન્સર્સની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે.ગરબા મહોત્સવ માટે ટિકિટના દરોમાં પ્રથમ ૪ દિવસ માટે ?૨૫૦ અને પાંચમા દિવસથી ?૩૦૦ નક્કી કરવામાં આવ્યા છે, જે પૈકી મોટાભાગની ટિકિટોનું વેચાણ થઈ ચૂક્યું છે.અગાઉના વર્ષે થયેલી નકલી ટિકિટોની સમસ્યાને ધ્યાને રાખીને આ વખતે તમામ ટિકિટો પર ઊઇ કોડ રાખવામાં આવ્યા છે. ગેટ પર ઊઇ કોડ સ્કેન કર્યા બાદ જ પ્રવેશ અપાશે, જેથી બિનજરૂરી ભીડ અને ડુપ્લિકેટિંગ રોકી શકાય.તંત્ર દ્વારા મળેલી સૂચનાઓ અંગે માહિતી આપતાં જણાવાયું કે ગરબા સ્થળે અનધિકૃત વિડિયોગ્રાફી પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને તેનું ચુસ્ત પાલન કરવામાં આવી રહ્યું છે. સમય મર્યાદા બાબતે તંત્ર દ્વારા રાત્રે ૧૧:૫૯ વાગ્યા સુધીની મંજૂરી આપવામાં આવી છે, ત્યારબાદ માત્ર મંડળી દ્વારા ગરબાનું સંચાલન ચાલુ રાખી શકાશે.

અશાંતિનું કારણ બહાર નથી, તમારી અંદર શોધો-તમારા અધૂરા પ્રેમમાં છે

જય માતાજી, સુપ્રભાત,આજે સર્વપિતૃશ્રાદ્ધ ભાદરવા વદ અમાસ આજે જોઈએ તો દુર્યોધનએઅધર્મ છે.યુધિષ્ઠિર ધર્મ નું સ્વરૂપ છે ધર્મ મનુષ્યને પ્રભુ પાસે લઈ જાયછે અને અધર્મ તેનો વિનાશ કરે છે.આ સૂત્ર મહાભારતનું જ નથી,આપણા મનનું પણ છે.

દરરોજ સવારે આપણી અંદર કુરુ ક્ષેત્ર શરૂ થાય છે.એક બાજુ યુધિષ્ઠિર બોલે છે-ઉઠો,નામ લો, કોઈનું ભલું કરો.બીજી બાજુ દુર્યોધન બોલે છે-સૂઈ રહો,મજા કરો, કાલે કરીશું. ધર્મરૂપી યુધિષ્ઠિર જો ઈશ્વરને શરણે જાય તો ધર્મનો વિજય થાય છે અને અધર્મરૂપી દુર્યોધનનો વિનાશ થાય છે. જો ધર્મ પોતે અહંકારમાં આવી જાય કે હું જ મોટો, તો ધર્મ પણ હારે છે. આટલા ગ્રંથોની રચના કરી તેમ છતાં વ્યાસજીના મનને શાંતિ મળતી નથી. વિચાર કરો જેમણે ચાર વેદ વહેંચ્યા, સત્તર પુરાણો, મહાભારત અને બ્રહ્મસૂત્ર લખ્યા, જેઓ સાક્ષાત નારાયણના અંશાવતાર છે, તેમને અશાંતિ થાય? તો આપણને થાય એમાં નવાઈ શું? પણ વ્યાસજીની આ અશાંતિ જ આપણા માટે આશીર્વાદ બની ગઈ, કારણ કે આ અશાંતિમાંથી જ શ્રીમદ્ ભાગવતનો જન્મ થયો.

વ્યાસજી આ અશાંતિનું કારણ શોધે છે.બહાર નહીં,અંદર.પોતાની અંદર! આ જ પહેલો બોધ છે. આપણે દુઃખી હોઈએ ત્યારે કારણ બહાર શોધીએ-આ વ્યક્તિ એ આવું કર્યું, ધંધામાં નુકસાન થયું, સરકાર આવી છે. વ્યાસજી કહે છે ના,કારણ અંદર છે.

લોકો પુણ્યને યાદ કરશે,પરંતુ પાપને કોઈ યાદ કરતું નથી.આપણો સ્વભાવ છે,મેં આટલું દાન કર્યું, આટલા જપ કર્યા એ બધું હિસાબ માં લખી રાખીએ,પણ મારાથી કોનું મન દુભાયું એ ભૂલી જઈએ. વ્યાસજીને ચિંતા થાય છે કે મારા હાથે કાંઈ પાપ તો થયું નથી ને? ના, ના, હું નિષ્પાપ છું. પણ મને મનમાં કાંઈક ખટકે છે. મારું કોઈ કાર્ય અધૂરું છે. આ ખટકો એ જ જીવંતતાની નિશાની છે. જેને ખટકો નથી થતો તે મરી ગયેલો છે.

મનુષ્યને પોતાની ભૂલ જલદી દેખાતી નથી, અને દેખાય ત્યારે સમજવું કે પ્રભુની કૃપા થઈ. જ્ઞાન, ધન અને માન સુપાત્રને મળે તો તે સુખી થાય છે. કુપાત્રને મળે તો દુઃખી કરે છે. અનાધિકારીને જ્ઞાન મળે તો એ બીજાની ભૂલો જુએ છે. એનું જ્ઞાન ભક્તિમાં વિઘ્ન કરનારું થાય છે. એટલે કહ્યું - જગતમાં કોઈનો પણ દોષ જોશો નહીં. પોતાના મનને સુધારો. કોઈ તમારી ભૂલ બતાવે તો એનો ઉપકાર માનજો,તેના પર ગુસ્સો ન કરો.

વ્યાસજી જ્ઞાની છે છતાં પોતાની ભૂલ શોધે છે. મનુષ્યોનો મોટામાં મોટો દોષ એ છે કે પોતાને નિર્દોષ સમજે છે. નિર્દોષ એક ઈશ્વર છે.

એક ભાઈ રોજ સવારે ચા પીતા પીતા બારીમાંથી સામે જોતા અને બોલતા જુઓ સામેવાળાના કપડાં કેટલા મેલા છે,કેવા ગંદા રહે છે.આ રોજનો ક્રમ. એક દિવસ પત્નીએ બારીનો કાચ ઘસીને સાફ કર્યો. બીજે દિવસે પતિએ કહ્યું - અરે વાહ! આજે સામેવાળાના કપડાં કેટલા ચોખ્ખા છે!પત્ની હસીને બોલી-કપડાં એના એ જ છે, કાચ આપણો મેલો હતો.

આપણે પણ જગતને મેલું જોઈએ છીએ, પણ મેલ આપણી આંખના કાચ પર હોય છે.વ્યાસજી બીજાના કપડાં નથી જોતા,પોતાનો કાચ સાફ કરે છે. બ્રહ્માજીની સૃષ્ટિ ગુણદોષથી ભરેલી જ છે. કોઈપણ વસ્તુ ગુણદોષ વિનાની નથી. ગુલાબમાં સુગંધ છે પણ કાંટા પણ છે. કાંટામાં પણ ગુલાબનું રક્ષણ કરવાનો ગુણ છે. ચંદ્રમાં પણ ડાઘ છે. દૈવી સૃષ્ટિ અને આસુરી સૃષ્ટિ અનાદિકાળથી સાથે ચાલે છે. એટલે કોઈનો દોષ જોશો નહીં. કોઈનું પાપ જોશો નહીં અને કોઈના પાપનો વાણીથી ઉચ્ચાર પણ કરશો નહીં,તો તમેસંત બનશો.દૃષ્ટિને ગુણદૃષ્ટિ બનાવો. આટલું કરશો તો તમે સંત થશો. સંત થશો તો તમને સંત મળશે.

વ્યાસજી વિચારે છે કે મને કોઈ સંત મળે તો તે ભૂલ બતાવે. સત્સંગ વગર મનુષ્યને પોતાના દોષનું ભાન થતું નથી. અરીસા વગર મોઢા પરનો કાળો ડાઘ દેખાતો નથી, તેમ સંત વગર મનનો ડાઘ દેખાતો નથી.

વ્યાસજીના શુદ્ધ સંકલ્પથી પ્રભુએ નારદજીને ત્યાં આવવા પ્રેરણા કરી. જ્યાં હૃદયથી સંતને યાદ કરો ત્યાં સંતને ભગવાન મોકલે જ છે. કીર્તન કરતા કરતા નારદજી ત્યાં પધારે છે. ગંગાજીને આનંદ થયો છે કે આ મહાવૈષ્ણવ મારા કિનારે શ્રીકૃષ્ણની કથા કરશે, અને તે કથા-ગંગા અનેક જીવોનું કલ્યાણ કરશે.જ્યાં ભાગવત વહે છે ત્યાં ગંગા પણ કાન દઈને સાંભળે છે.

નારદજી કહે છે કે મને લાગે છે તમે કાંઈક ચિંતામાં છો. આમ કેમ?

વ્યાસજી કહે છે કે મારી કાંઈક ભૂલ થઈ છે, પણ મને ભૂલ જડતી નથી. કૃપા કરી મને મારી ભૂલ બતાવો. હું તમારો ઉપકાર માનીશ. આટલા મોટા વ્યાસજી નારદજી પાસે નાના બાળકની જેમ ભૂલ પૂછે છે. આ નમ્રતા જ્ઞાનનું સાચું લક્ષણ છે.

નારદજીએ કહ્યું: મહારાજ, આપ નારાયણના અવતાર છો. તમારી ભૂલ શું થાય? છતાં આપ આગ્રહ કરો છો તો એક વાત કહું છું. આપે વેદાંતની ખૂબ ચર્ચા કરી, યોગની બહુ ચર્ચા કરી, પુરાણોમાં વર્ણાશ્રમ ધર્મનું વર્ણન કર્યું. પરંતુ ધર્મ, જ્ઞાન અને યોગ એ સર્વના આધાર શ્રી કૃષ્ણ છે તેની કથા આપે વર્ણવી નથી.

કળિયુગના જીવોનો ઉદ્ધાર કરવા તમારો જન્મ થયો છે.તમારું તે અવતાર કાર્ય હજુ બાકી છે, તેથી તમારા મનમાં ખટકો છે. જ્ઞાની પુરુષ પણ પરમાત્માના પ્રેમમાં પાગલ ન થાય ત્યાં સુધી તેને આનંદ મળતો નથી. પ્રભુમિલન માટે જે આતુર થતો નથી, તેનું જ્ઞાન શું કામનું?

આપે યોગ-જ્ઞાન વગેરેની ખૂબ ચર્ચા ઓ કરી પણ ભગવાનની લીલા કથા ઓનું તમે પ્રેમથી વિસ્તારપૂર્વક વર્ણન કરેલું નથી. આપે કર્મ માર્ગનું પ્રવૃત્તિ ધર્મનું વર્ણન કર્યું, નિવૃત્તિ ધર્મનું પણ વર્ણન કર્યું. સંન્યાસને પ્રાધાન્ય આપ્યું, નિવૃત્તિને પ્રાધાન્ય આપ્યું. પરંતુ મને એમ લાગે છે કે આ બંને માર્ગો કળિયુગમાં ઉપયોગી થશે નહીં. કળિયુગનો જીવ ન તો પૂરો કર્મયોગી બની શકે, ન તો પૂરો સંન્યાસી. તમે મધ્યમ રસ્તો બતાવો - પ્રેમનો રસ્તો. શ્રીકૃષ્ણની લીલા કથાઓનું તમે પ્રેમ થી ગાન કરેલું નથી. તેથી તમને દુઃખ થાય છે.આ જ તમારી અશાંતિનું કારણ છે.

કર્મ કરો, પણ તે શ્રીકૃષ્ણપ્રેમ વિનાનું હોય તો તેની કિંમત થતી નથી. શ્રીકૃષ્ણપ્રેમ વિના કર્મ વ્યર્થ છે, શ્રીકૃષ્ણપ્રેમ વિના યોગ વ્યર્થ છે, શ્રીકૃષ્ણપ્રેમ વિના જ્ઞાન પણ વ્યર્થ છે. જ્ઞાનથી મગજ ભરાય, પ્રેમથી હૃદય ભરાય. મગજ ભરાય તોય ભૂખ લાગે, હૃદય ભરાય તો તૃપ્તિ થાય.

પરમાત્મા જેને પોતાના ગણે તેને જ પોતાનું અસલી સ્વરૂપ બતાવે છે. પ્રભુએ પોતાનું નામ પ્રગટ રાખ્યું છે, પણ પોતાનું સ્વરૂપ છુપાવ્યું છે.

સામાન્ય જીવ પણ પારકા માણસો ના દેખતાં તિજોરી ઉઘાડતો નથી. પણ જેના તરફ પ્રેમ હોય તેને વગર કહ્યે બધું બતાવે છે.એક શેઠ ને ત્યાં બે વ્યક્તિ એક નોકર અને એક દીકરો.નોકરને શેઠ તિજોરીની ચાવી ન આપે,હિસાબનું ચોપડું પણ ન બતાવે.દીકરાને બધું આપી દે. કેમ? નોકર સાથે વ્યવહાર છે, દીકરા સાથે પ્રેમ છે. તેમ આપણે ભગવાન સાથે વ્યવહાર કરીએ છીએ-મને આ આપો, આ દુઃખ દૂર કરો. પ્રેમ નથી કરતા. એટલે ભગવાન નામ તો સૌને આપે છે, પણ સ્વરૂપ પ્રેમીને જ બતાવે છે.

મોટો જ્ઞાની હોય પણ જ્યાં સુધી તે પરમાત્મા સાથે પ્રેમ ન કરે ત્યાં સુધી તેને પરમાત્માનો અનુભવ થતો નથી અરે! બૂટ-મોજાં સાથે,કપડાં સાથે, પૈસા સાથે પ્રેમ કરે એ કાંઈ જ્ઞાની કહેવાય?આજકાલ લોકો પુસ્તક વાંચીને જ્ઞાની બની જાય છે. તેને ગુરુની સેવા કરવાની જરૂર પડતી નથી, તેને બ્રહ્મચર્ય પાળવાની જરૂર લાગતી નથી. નારદજીએ વ્યાસજીને બરાબર સંભળાવી દીધું કે શ્રીકૃષ્ણના પ્રેમમાં તમે પાગલ બનશો તો જ તમને શાંતિ મળશે.

વાતવાતમાં મગજ ગુમાવી બેસનારો મનુષ્ય યોગ શું સિદ્ધ કરવાનો હતો? જેની ભોગમાં આસક્તિ છે તેનું શરીર સારું રહેતું નથી. દ્રવ્યમાં જેની આભાર - નિહારીકા રવિયા આસક્તિ છે તેનું મન સારું રહેતું નથી. ભોગાસક્તિ તનને બગાડે છે અને દ્રવ્યાસક્તિ મનને બગાડે છે. વાતો બ્રહ્મજ્ઞાનની કરે અને પ્રેમ પૈસા સાથે કરે, તેને પરમાત્મા મળતા નથી. તેને આનંદ મળતો નથી.માટે હવે આપ કથા કરો કે સર્વને પ્રભુ પ્રત્યે પ્રેમ જાગે. એવી દિવ્ય કથા કરો, એવું પ્રેમશાસ્ત્ર બનાવો કે સહુ શ્રીકૃષ્ણ પ્રેમમાં પાગલ બને. કથા શ્રવણ કરનારને કનૈયો વહાલો લાગે અને સંસાર તરફ સૂગ આવે એવી કથા તમે કરશો તો તમને શાંતિ મળશે.જીવ પાસે ઈશ્વર બીજું કાંઈ માંગતો નથી, ફક્ત પ્રેમ માંગે છે. પ્રેમ આપો એટલે તે બધું આપી દે છે.

આપણી અશાંતિનું કારણ પણ એ જ છે. બહાર બધું છે - મોબાઈલ, ગાડી, બંગલા. પણ અંદર પ્રેમ અધૂરો છે. જ્યાં સુધી હૃદયમાં કનૈયા પ્રત્યેનો પ્રેમ પૂરો નહીં થાય ત્યાં સુધી ગમે તેટલા ગ્રંથો વાંચો, શાંતિ નહીં મળે. યુધિષ્ઠિરને કૃષ્ણ પાસે લઈ જાવ, દુર્યોધન આપોઆપ મરશે. અંદર શોધો, જવાબ અંદર જ છે.અસ્તુ.

યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ બનાસકાંઠા

'વરિષ્ઠ નાગરિક સપ્તાહ' શરૂ થયું છે. તે સમગ્ર ભારતમાં ઉજવવામાં આવી રહ્યું છે. આ પ્રસંગે, હું આપણા ગ્રુપના તમામ સભ્યોને 'વરિષ્ઠ નાગરિક સપ્તાહ'ની શુભેચ્છા

તમારા દિવસને આનંદમય બનાવવા માટે અહીં કેટલીક ટિપ્સ આપી છે:

તમારે શેનું સેવન ઘટાડવું જોઈએ?

૧. મીઠું
૨. ખાંડ
૩. મેંદો
૪. ડેરી ઉત્પાદનો (દૂધ-દહીં વગેરે)
૫. પ્રોસેસ્ડ ફૂડ (પ્રક્રિયા કરેલો ખોરાક)
૬. દલીલબાજી
૭. બિનજરૂરી ઝઘડા

તમારે શું ખાવું જોઈએ?

૧. શાકભાજી
૨. કઠોળ
૩. નટ્સ (મેવા) / કઠોળ-બીજ
૪. સૂકો મેવો (ડ્રાય ફ્રૂટ્સ)
૫. કોલ્ડ-પ્રેસ્ડ તેલ (ઓલિવ, નાળિયેર)
૬. ફળો
૭. કુદરતી રીતે મળતી કડવી વસ્તુઓ
૮. દુઃખને મનમાં દબાવી આગળ વધો

આ બાબતોને ભૂલી જવાનો પ્રયાસ કરો:-

૧. તમારી ઉંમર
૨. તમારો ભૂતકાળ
૩. તમારી ફરિયાદો
૪. સગા-સંબંધીઓ તરફથી મળતી મુશ્કેલીઓ

આ બાબતોનું વિશેષ ધ્યાન રાખો:-

૧. તમારો પરિવાર
૨. તમારા મિત્રો
૩. તમારા સારા વિચારો
૪. સ્વચ્છ અને ખુશનુમા ઘર
૫. આવનારા મુશ્કેલ સમય માટે પૂરતા પૈસાની બચત કરો

આ આદતો કેળવો:-

૧. ચહેરા પર હંમેશા સ્મિત રાખો
૨. નિયમિત કસરત કરો
૩. વજન નિયંત્રણમાં રાખો (સ્વસ્થ વજન જાળવો)
૪. ભલે તમારા શબ્દો મીઠા ન હોય, તો પણ મીઠાશથી બોલતા શીખો
૫. બીજાની વાત સાંભળવાની આદત પાડો

જીવનશૈલીની છ આદતો જે તમારે અપનાવવી જોઈએ:-

૧. તરસ લાગે ત્યાં સુધી રાહ ન જુઓ — નિયમિત પાણી પીતા રહો
૨. થાકી જવાય ત્યાં સુધી રાહ ન જુઓ — આરામ માટે સમય કાઢો
૩. બીમાર પડો ત્યાં સુધી રાહ ન જુઓ — નિયમિત તપાસ (ચેક-અપ) કરાવો
૪. ચમત્કારની રાહ ન જુઓ
૫. તમારા પોતાનામાં વિશ્વાસ રાખો
૬. હંમેશા સકારાત્મક રહો અને ઉજ્જવળ ભવિષ્ય વિશે વિચારો
૭. એક જ જગ્યાએ લાંબા સમય સુધી બેસી ન રહો

શું તમારી પાસે ૬૦ થી ૯૦ વર્ષની વયના મિત્રો છે? તો તેમને આ સંદેશ ચોક્કસ મોકલો!

"વરિષ્ઠ નાગરિક સપ્તાહની શુભેચ્છાઓ!

દરેકના સ્વસ્થ અને સુખી જીવનની કામના કરું છું!

ભાડા કાયદાએ ઘર ધણીને ભાડૂઆત બનાવી દીધો: મકાનમાલિક ક્યાં જાય?!(સંત સુરા)

બાત પત્તે કી કરેગા, દર્પણ અને કર્મશીલ જૂઠ નહી બોલે!આ બે વાક્યથી શરૂઆત કરું છું!

જૂની કહેવત છે - ઘર બાંધી જો અને ઘર માંડી જો. એટલે ઘર બાંધવું અને ઘર માંડવું બંને અઘરા. અને બીજી કહેવત - ડાહ્યા ઘર બાંધતા અને ગાંડા રહેવા જતા. સમજુ માણસ મકાન બનાવીને ભાડે આપે, અને ભાડૂઆત મોજ કરે.

પહેલાના જમાનામાં ઘર ધણીનો રુઆબ હતો. સાંજે દીવા બત્તીનો સમય થાય એટલે ઘર ચોખ્ખું, આંગણું વાળેલું, તુલસી ક્યારે દીવો. ઘર ધણી કહે - સારો કિરાયેદાર લાવો, જે ઘરને ઘર સમજે. લોકો ભાડે રહેવા માટે લાયકાત બતાવતા.

પછી આ દેશમાં બોમ્બે રેન્ટ એક્ટ આવ્યો. નામ સાંભળવામાં મીઠું લાગે - ભાડૂતને રક્ષણ આપતો કાયદો. પણ આ કાયદાએ આખું અર્થતંત્ર ઉલટાવી નાખ્યું.

થયું એવું કે ઘણા કિરાયેદારોએ દયાનત બગાડી. ભાડું નિયત કરતાં વધારે છે, એમ કહીને સ્મોલ કોઝ કોર્ટમાં સ્ટાન્ડર્ડ રેન્ટની અરજી કરી દીધી. એક વખત મામલો કોર્ટમાં ગયો એટલે તે દીવાની મેટર બની ગયો. હવે કોઈ પોલીસ કે કોઈ બીજો બાહુબલી તેને ખાલી કરાવી ન શકે. માત્ર કોર્ટનો હુકમ જોઈએ.

અને આપણી કોર્ટની સ્પીડ તો આપણે જાણીએ છીએ. તારીખ પે તારીખ. નીચલી કોર્ટમાં ૧૦ વર્ષ, અપીલમાં ૧૦ વર્ષ. ૨૦ વર્ષમાં મકાનમાલિક થાકી જાય. છોકરા પરણાવવાના હોય, દીકરીના લગ્ન હોય, પણ પોતાનું જ મકાન પોતાને નથી મળતું.

અંતે શું થાય? મજબૂરીનું નામ મહાત્મા ગાંધી. મકાનમાલિક કંટાળીને કહે છે - ભાઈ તું જ રાખી લે. ચાર આની કિંમતમાં પતાવો. અને જે ભાડૂત ૫૦ રૂપિયા ભાડે રહેતો હતો તે જ મકાનનો ૨૫ % માં માલિક બની જાય.

તેથી જ ૫૦ વર્ષ પહેલાં મુંબઈના વકીલો કહેતા - માલદાર થવું હોય તો બે ચાર ભાડાના ઘર શોધી લ્યો. આ વાક્ય મજાક નથી, આ કાયદાની બલિહારી છે.

આ કાયદાના ડરથી આજે કોઈ ઘર ધણી ઘર ભાડે આપતો નથી. તે શું કરે છે?

તે કહે છે - હું ભાડે નથી આપતો, હું તો તમને મહેરબાની રાહે વાપરવા આપું છું. લિવ એન્ડ લાયસન્સ. ૧૧ માસનો કરાર. દર વર્ષે ૧૫% વધારો. તમે ભાડૂઆત નથી, તમે લાયસન્સી છો. ખાલી કરવાનું કહું ત્યારે ખાલી કરવું પડશે.

શબ્દો બદલાઈ ગયા, પણ ભાવના બદલાઈ ગઈ. પહેલા ઘર ધણી અને ભાડૂત વચ્ચે સંબંધ હતો, હવે માત્ર કરાર છે. વિશ્વાસ હતો, હવે શંકા છે.

એ વાસ્તે પણ સિદ્ધહસ્ત અનુભવી સંત સુરા કહે છે - કાયદો હોવો જોઈએ, પણ એકતરફી નહીં. ભાડૂતને રક્ષણ જોઈએ, પણ ઘર ધણીને પણ રક્ષણ જોઈએ. જેણે લોહી-પસીનાથી ઘર બનાવ્યું છે તેને જો પોતાના જ ઘર માટે કોર્ટના ધક્કા ખાવા પડે તો તેનાથી મોટો અન્યાય કોઈ નથી.

આજના નવા ભાડા વિધેયકમાં આ જ વિરોધ છે. વિરોધ ભાડાનો નથી, વિરોધ દગાનો છે. વિરોધ એ વાતનો છે કે કાયદો એવો હોવો જોઈએ કે ડાહ્યા ઘર બાંધે અને ડાહ્યા જ રહેવા જાય, ગાંડા નહીં!

લેખક:સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat